પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૨૫ | ૦૫ એપ્રિલ, ૨૦૨૩, બુધવાર; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સિક્કિમમાં હિમસ્ખલન : છનાં મોત

## ૧૧ ઘાયલ : ૮૦ પ્રવાસીઓ ફસાયાની આશંકા, હિમસ્ખલન બાદ ગંગટોકથી નાથુલાને જોડતા જવાહરલાલ નહેરુ રોડ પર બચાવ કામગીરી : સિક્કીમમાં હિમસ્ખલનથી ભારે કફોડી સ્થિતિ



સિક્કીમ, તા.૪

સિક્કિમના નાથુ લાના સરહદી વિસ્તારમાં મંગળવારે ભારે હિમસ્ખલન થયુ હતુ. આ ઘટનામાં ૬ પ્રવાસીઓના મોત થયા છે અને ૧૧ ઘાયલ થયા છે. લગભગ ૮૦ પ્રવાસીઓ ફસાયા હોવાની આશંકા છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. મૃતકોમાં ચાર પુરુષ, એક મહિલા અને એક બાળક સામેલ છે. હિમસ્ખલન બાદ ગંગટોકથી નાથુલાને જોડતા જવાહરલાલ નહેરુ રોડ પર બચાવ કામગીરી ચાલી રહી છે.

બપોરે ૧૨ વાગ્યાની આસપાસ હિમસ્ખલન થયું હતું. સિક્કિમ પોલીસના ઈન્સ્પેક્ટર જનરલ સોનમ તેનજિંગ ભૂટિયાએ જણાવ્યું કે, મૃતકોમાં ચાર પુરૂષ, એક મહિલા અને એક બાળક સામેલ છે. તેમાંથી હજુ કોઈની ઓળખ થઈ શકી નથી. બરફમાં ફસાયેલા ૨૨ પર્યટકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. રોડ પરથી બરફ હટાવ્યા બાદ ૩૫૦ ફસાયેલા પર્યટકો અને ૮૦ વાહનોને બચાવવામાં આવ્યા છે. હાલમાં સિક્કિમ પોલીસ, ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ સિક્કિમ, પ્રવાસન વિભાગના અધિકારીઓ અને વાહન ચાલકો દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

# દેશમાં કોરોના વકર્યો : નવા ૩૦૩૮ કેસ

**સાતનાં મોત : કોરોનાના કારણે પંજાબમાં ૨ મોત, ઉત્તરાખંડમાં ૧, મહારાષ્ટ્રમાં ૧, જમ્મુમાં ૧ અને દિલ્હીમાં ૨ લોકોના મોત થયા**

નવી દિલ્હી, તા.૪

દેશમાં ફરી એક વખત કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ના ૩,૦૩૮ નવા કેસ નોંધાયા છે. પોઝિટિવિટી રેટમાં મોટો ઉછાળ જોવા મળી રહ્યો છે. દેશમાં હાલમાં કોરોનાના ૨૧,૦૦૦ થી વધુ એક્ટિવ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી દેશમાં ૭ લોકોના મોત થયા છે. કોરોનાના કારણે પંજાબમાં ૨ મોત, ઉત્તરાખંડમાં ૧, મહારાષ્ટ્રમાં ૧, જમ્મુમાં ૧ અને દિલ્હીમાં ૨ લોકોના મોત થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે અપડેટ કરેલા આંકડા પ્રમાણે કોરોના કેસની કુલ સંખ્યા ૪.૪૭ કરોડ પર પહોંચી ગઈ છે.

હાલમાં સક્રિય કેસ કુલ સંક્રમણના ૦.૦૫ ટકા છે. મંત્રાલયના ડેટા પ્રમાણે કોવિડ-૧૯માંથી સાજા થનારાઓનો રાષ્ટ્રીય રિકવરી રેટ ૯૮.૭૬ ટકા નોંધાયો છે. જ્યારે કોવિડ દર્દીઓનો મૃત્યુ દર ૧.૧૯ નોંધાયો હતો. આરોગ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે દેશવ્યાપી વેક્સિનેસન અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોવિડ રસીના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતનો જીડીપી ઘટીને ૬.૩ ટકા રહેવાનું વર્લ્ડ બેન્કનું અનુમાન

**વર્લ્ડ બેન્કે તેના અહેવાલમાં ખુલાસો કર્યો : વર્લ્ડ બેંકએ તેના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટમાં જણાવ્યું કે ખપતમાં ધીમી વૃદ્ધિ અને પડકારજનક બાહ્ય સ્થિતિઓને કારણે વિકાસદર અવરોધાવાની શક્યતા છે**

નવી દિલ્હી, તા.૪

વર્લ્ડ બેંકએ તેના એક રિપોર્ટમાં કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ખપતમાં નરમીને લીધે ભારતનો જીડીપી ઘટીને ૬.૩ ટકા રહેવાનું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે અગાઉ દેશનો જીડીપી ૬.૬ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કરાયું હતું. વર્લ્ડ બેંકએ તેના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટમાં જણાવ્યું કે ખપતમાં ધીમી વૃદ્ધિ અને પડકારજનક બાહ્ય સ્થિતિઓને કારણે વિકાસદર અવરોધાવાની શક્યતા છે.





રિપોર્ટમાં જણાવાયું છે કે લોન મોંઘી થતા અને આવકમાં ધીમી વૃદ્ધિથી અંગત વપરાશની વૃદ્ધિ પર અસર થશે અને મહામારી સંબંધિત રાજકોષીય સમર્થન ઉપાયોને પાછા ખેંચવાના કારણે સરકારી ખપતમાં પણ ધીમી વૃદ્ધિનું અનુમાન છે. રિપોર્ટમાં ચાલુ ખાતાની ખોટ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ઘટીને ૨.૧ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કરાયું છે જે ગત નાણાકીય વર્ષમાં ૩ ટકા હતી.

ફુગાવા અંગે વર્લ્ડ બેંકના રિપોર્ટમાં કહેવાયું છે કે તે ઘટીને ૫.૨ ટકા રહી જશે જે તાજેતરમાં ખતમ થયેલા નાણાકીય વર્ષમાં ૬.૬ ટકા હતો. અમેરિકા અને યુરોપના બજારોમાં જારી ઉથળ-પાથળે ભારતીય બજાર માટે જોખમ ઊભું કર્યું છે. વિશ્લેષકો અને અર્થશાસ્ત્રીઓ અનુસાર ભારતની

● અનુસંધાન પાન-૭ પર

# ભારત અને રશિયા ઉભરતી શક્તિ, બંને દેશો વચ્ચે ચીનની સંબંધો વધારવાની યોજના

**સરહદ વિવાદ વચ્ચે ચીને મોટું નિવેદન આપ્યું : ચીન, રશિયા અને ભારત આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે વાતચીત કરીને અને સાચા બહુપક્ષીયવાદનો બચાવ કરીને અને વૈશ્વિક પડકારોનો સંયુક્ત રીતે જવાબ આપીને વિશ્વને સકારાત્મક સંકેત મોકલી શકે છે**

બેઈજિંગ, તા.૪

સરહદ વિવાદ વચ્ચે ચીને ભારત અને રશિયા પર મોટુ નિવેદન આપ્યુ હતું. ચીને કહ્યું હતુ કે ભારત અને રશિયાને ઉભરતી શક્તિ છે અને આ બંને દેશો વચ્ચે ચીન સંબંધો વધારવાની યોજના બનાવી રહ્યું છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે ભારત અને રશિયા વિશ્વની ઉભરતી શક્તિ છે. ચીને ભારત સાથે સંબંધો વધારવાની વાત પણ કરી હતી અને રશિયા સાથે વધુ સારા અને મજબૂત સંબંધો બનાવવાનો ઉલ્લેખ કર્યો હતો. રશિયાની નવી વિદેશ નીતિ અંગેના પ્રશ્નના જવાબમાં માઓએ કહ્યું હતું કે ચીન, રશિયા અને ભારત નોંધપાત્ર પ્રભાવ ધરાવતા મોટા દેશો ઉભરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે ઊંડા અને જટિલ ફેરફારોનો સામનો કરી રહ્યા છે.

ભારતમાં ચીની દૂતાવાસના પ્રવક્તા વાંગ શિયાઓજિયાને ટ્વિટ કરીને આ અંગે જાણકારી આપી હતી. ચીન, રશિયા અને ભારત આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે વાતચીત કરીને અને સાચા બહુપક્ષીયવાદનો બચાવ કરીને અને વૈશ્વિક પડકારોનો સંયુક્ત રીતે જવાબ આપીને વિશ્વને સકારાત્મક સંકેત મોકલી શકે છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ વધુમાં કહ્યું કે ચીન અને રશિયા નવા પ્રકારના સંબંધો વિકસાવવા માટે કામ કરી રહ્યા છે. જેમાં પરસ્પર આદર, શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સહકારનો સમાવેશ થાય છે. આ દ્વિપક્ષીય સંબંધ કોઈ ત્રીજા પક્ષને ટાર્ગેટ બનાવવા માટે નથી કે તે કોઈ અન્ય દેશને પ્રભાવીત કરવા માટે નથી.

# હિમાચલમાં હિમવર્ષા અને વરસાદને પગલે યલો એલર્ટ

**હિમાચલમાં એપ્રિલમાં ઠંડીનો અહેસાસ : ૧૨ માર્ગ, ૩ નેશનલ હાઈવે બંધ : પાંગી, ધર્મશાલા અને કાંગડામાં રસ્તાઓ બંધ, કુલ્લૂમાં એક અને નિરમંડમાં બે રોડ બંધ, રોહતાંક ટોપ એનએચ-૫ અને ઝાકરી પાસ એનએચ-૩૦૫ પણ બંધ**



શિમલા, તા.૪

હવામાન કેન્દ્ર શિમલાએ જારી કરેલા યલો એલર્ટ વચ્ચે સોમવારના રોજ દિવસભર હિમવર્ષા અને વરસાદ ચાલુ રહ્યો હતો. હિમાચલ પ્રદેશના ઉચ્ચ વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. આ સિવાય મધ્યમ અને નીચી ઉંચાઈવાળા વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. એપ્રિલ મહિનામાં પણ હિમાચલ પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ફેબ્રુઆરીની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કમોસમી હિમવર્ષાના કારણે સામાન્ય જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાને કારણે રાજ્યના ૧૨ રસ્તાઓ બંધ છે. આ ઉપરાંત ત્રણ નેશનલ હાઈવે પણ બંધ છે

હિમવર્ષા અને વરસાદના કારણે પાંગી, ધર્મશાલા અને કાંગડામાં રસ્તાઓ બંધ છે. આ સિવાય કુલ્લૂમાં એક અને નિરમંડમાં બે રોડ બંધ છે. હિમવર્ષાના કારણે રોહતાંક ટોપ એનએચ-૫ અને ઝાકરી પાસ એનએચ-૩૦૫ પણ બંધ છે. આ સિવાય લાહૌલ સ્પીતિ જિલ્લામાં કુલ ૫

● અનુસંધાન પાન-૭ પર

# ફરાર ગેંગસ્ટર દીપક બોકસરની મેક્સિકોથી દિલ્હી પોલીસે ધરપકડ કરી

નવી દિલ્હી, તા.૪

દિલ્હી પોલીસે એક પ્રશંસનીય કાર્ય કરી બતાવ્યું છે. દેશમાંથી ફરાર ટોપ ગેંગસ્ટર દીપક બોક્સરની દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ ટીમે એફબીઆઈની મદદથી મેક્સિકોમાં ધરપકડ કરી હતી. દિલ્હી પોલીસે પહેલીવાર ભારતની બહાર કોઈ ગેંગસ્ટરની ધરપકડ કરી છે. બોક્સરને એક-બે દિવસમાં ભારત લાવવામાં આવી શકે છે. બોક્સર સિવિલ લાઈન્સ વિસ્તારમાં બિલ્ડરની હત્યામાં વોન્ટેડ હતો.

બિલ્ડર અમિત ગુપ્તાની હત્યાના કેસમાં દીપક સિવિલ લાઈન્સમાં વોન્ટેડ હતો. રોહિણી કોર્ટમાં જીતેન્દ્ર ગોગીની હત્યા બાદ દિલ્હી-એનસીઆરનો ટોપ

● અનુસંધાન પાન-૭ પર









# ઈન્ડિગોની ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાતા ઈમરજન્સી લેન્ડિંગ

બેંગલુરૂ, તા.૪

બેંગ્લુરુથી વારાણસી જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાઈ જતા ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી હતી. ઈમરજન્સી લેન્ડિંગના કારણે ૧૩૭ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બેંગ્લુરુથી વારાણસી જતી ફ્લાઈટ (૬ઈ૮૯૭)માં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. તેલંગાણાના શમશાબાદ એરપોર્ટ પર આજે સવારે ૬.૧૫ વાગ્યે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યુંહતું. હાલ ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત હોવાના સમાચાર મળી રહ્યા છે.